# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૯૬ તા. ૧૪-૧૨-૧૮**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- તા.૧ લી ડિસેમ્બર ‘સમાજ શિક્ષણ દિન’ના ફાળા બાબત.**

**સંદર્ભ :- અમદાવાદ શહેર સમાજ શિક્ષણ સમિતિના પત્રક્રમાંક-૯૬/સ/શિ/ફા/ફા/૧૨.૧૮-૧૯ અન્વયે.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે સમાજ શિક્ષણ સમિતિ દ્વારા સમાજ સેવાની પાયાની પ્રવૃત્તિઓ જેવી કે બાલવાડી, ઘોડિયાઘર, માતૃકલ્યાણ કેન્દ્રો, શિશુ કલ્યાણ કેન્દ્રો, એઈડઝ અવેરનેશ, વાંચે ગુજરાત ગૃહ પુસ્તકાલય ચલાવવામાં આવે છે. આ સેવાયજ્ઞમાં સહકાર પ્રદાન કરવા માટે દર વર્ષે ૧ લી ડિસેમ્બરથી સમાજ શિક્ષણ દિન નિમિત્તે ફાળો એકત્ર કરવામાં આવે છે. તે અંતર્ગત તમારી શાળામાંથી પણ વધુને વધુ ફાળો એકત્ર થાય તેવા પ્રયાસો કરવા. તમારી શાળામાં ફાળો એકત્ર કરી જયારે સમાજ શિક્ષણ સમિતિના પ્રતિનિધિ ફાળો લેવા માટે આવે ત્યારે નાણાં આપી પહોંચ મેળવી શાળા દફતરે રાખવી.

તા.૧૪-૧૨-૧૮

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

**પરિપત્ર નં. ૯૬-A તા. ૧૪-૧૨-૧૮**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- ‘નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા’ (NMMS) ની હૉલ ટીકીટ ડાઉનલોડ કરી આપવા બાબત.**

**સંદર્ભ :- ક્રમાંક રાપબો/ /૨૦૧૮/૧૩૧૦૦-૧૩૧૬૬ રાજય પરીક્ષા બોર્ડનો તા.૧૪-૧૨-૧૮નો પત્ર.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે , આપની શાળા ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા(NMMS)રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.૨૩-૧૨-૧૮ને રવિવારના રોજ યોજવામાં આવેલ છે.

જે વિદ્યાર્થીઓને નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા(NMMS) આપવા માટે ફોર્મ ભરેલ છે તે તમામ વિદ્યાર્થીઓને આપની શાળામાંથી જ હૉલ ટીકીટ ડાઉનલોડ કરી આપવા જણાવવામાં આવે છે.

ઉપરોકત પરીક્ષાની હૉલટીકીટ www.sebexam.org વેબસાઈટ પરથી તા.૧૨-૧૨-૧૮ થી તા.૨૩-૧૨-૧૮ સુધી વિદ્યાર્થીનો કન્ફર્મેશન નંબર તથા જન્મ તારીખ નાંખી ડાઉનલોડ કરી શકાશે.

**બિડાણ :-** **સંદર્ભિત પત્રની નકલ**

તા.૧૪-૧૨-૧૮

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંક:રાપબો/ NMMS /૨૦૧૮/૧૩૨૦૦-૧૩૨૬૬

રાજ્યપરીક્ષાબોર્ડ, ગુ.રા,

સરકારીપુસ્તકાલયનીસામે,

સેક્ટર-૨૧,ગાંધીનગર.

તા:૧૪/૧૨/૨૦૧૮

પ્રતિ,

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ

**વિષય: "નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા" ની હોલટીકીટ ડાઉનલોડ કરવા બાબત.**

શ્રીમાન,

ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર દ્વારા તા:૨૩/૧૨/૨૦૧૮, રવિવારના રોજ યોજવામાં આવશે.

ઉક્ત પરીક્ષા માટેની હોલટીકીટ www.sebexam.org વેબસાઇટ પરથી તા:૧૨/૧૨/૨૦૧૮ થી તા:૨૩/૧૨/૨૦૧૮ સુધી વિદ્યાર્થીનો કન્ફર્મેશન નંબર તથા જન્મ તારીખ નાખી ડાઉનલોડ કરવાની રહેશે. જેની તમામ સંબંધિતોએ નોંધ લેવા વિનંતી છે.

સચિવ

રાજ્ય પરીક્ષા બોર્ડ

ગાંધીનગર

Scanned by CamScanner